દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શનિવાર ૧૬ મે, ૨૦૨૬

# ભારે ગરમી, બીજી તરફ વહેલા ચોમાસાની આગાહી, સરકાર નહીં જાગે તો ભવિષ્યમાં જીવવું અઘરૂં થશે

હાલમાં દેશમાં એવી સ્થિતિ છે કે એક તરફ જ્યારે દક્ષિણ ભારતમાં ચોમાસાની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે ઉત્તર ભારતમાં કુદરતે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે.

ઉત્તર પ્રદેશમાં વાવાઝોડા અને વરસાદને કારણે 111 લોકોના મોત થયા છે. આ આંકડો માત્ર સંખ્યા નથી, પણ એક એવી ભયાનકતાનું પ્રતિબિંબ છે જે 'ક્લાઈમેટ ચેન્જ' ને કારણે પેદા થઈ રહી છે.યુપીમાં વાવાઝોડામાં પવનોની ગતિ એટલી તેજ હતી કે લોકો ટીન-શેડ સાથે 50-50 ફૂટ સુધી હવામાં ફંગોળાયા હતા.

જેમાં 20 હજાર ગામોમાં વીજળી ગુલ થવી અને મોટા પાયે મકાનો ધરાશાયી થવા એ સાબિત કરે છે કે આપણું ગ્રામીણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર હજુ પણ કુદરતી હોનારતો સામે ટકી રહેવા સક્ષમ નથી. દેશનો મોટો ભાગ અત્યારે અગનભઠ્ઠીમાં શેકાઈ રહ્યો છે. મહારાષ્ટ્રનું અકોલામાં 45.9°C , રાજસ્થાનનું ફલોદી 45.2°C અને ગુજરાતનું ભાવનગર 45.2°C જેવા શહેરો રેકોર્ડબ્રેક ગરમીનો સામનો કરી રહ્યા છે. જોકે, હવે રાહત એ છે કે ચોમાસું આ વખતે વહેલું આવવાની આગાહીઓ થઈ રહી છે.

ભારતીય ઉપખંડ માટે ચોમાસું એ માત્ર એક ઋતુ નથી, પણ કરોડો લોકોની આશા, અર્થતંત્રનો આધાર અને જીવનચક્રની ધરી છે. ભારતીય હવામાન વિભાગની તાજેતરની આગાહી મુજબ, આ વર્ષે ચોમાસું 26 મેના રોજ કેરળના દરિયાકાંઠે દસ્તક દેશે. સામાન્ય રીતે 1 જૂને શરૂ થતું ચોમાસું આ વખતે નિર્ધારિત સમય કરતાં 5 દિવસ વહેલું આવી રહ્યું છે. ગયા વર્ષે પણ તે 8 દિવસ વહેલું એટલે કે 24 મેના રોજ પહોંચ્યું હતું.

સતત બીજા વર્ષે ચોમાસાનું આ વહેલું આગમન કૃષિ અને અર્થતંત્ર માટે આશાસ્પદ લાગે છે, પરંતુ તેની પાછળ રહેલા પર્યાવરણીય સંકેતો અને ઉત્તર ભારતમાં વાવાઝોડાને કારણે થયેલી જાનહાનિ ચિંતાનો વિષય છે. ભારતની જીડીપીમાં ખેતીનો હિસ્સો નોંધપાત્ર છે અને હજુ પણ દેશનો મોટો ખેડૂત વર્ગ સિંચાઈ માટે આકાશ તરફ મીટ માંડીને બેઠો હોય છે. ચોમાસું વહેલું આવવાનો અર્થ છે કે ખરીફ પાકની વાવણી વહેલી થઈ શકશે.

સાથે સાથે ઉનાળાના પ્રકોપને કારણે અત્યારે દેશના મોટાભાગના ડેમોમાં પાણીનું સ્તર નીચે ગયું છે. વહેલો વરસાદ જળસંકટને



દૂર કરવામાં મદદરૂપ થશે. જો વરસાદ સાર્વત્રિક અને પૂરતો રહે તો અનાજ અને શાકભાજીના ભાવમાં ઘટાડો થશે, જે સામાન્ય માણસ માટે રાહતના સમાચાર છે.

ચોમાસું વહેલું આવવાની આગાહી પછી સરકારી તંત્રએ યુદ્ધના ધોરણે કામ કરવું પડશે. જેમાં શહેરોમાં ગટર સફાઈ અને રસ્તાના કામો વહેલા પૂરા કરવા પડશે જેથી જળબંબાકારની સ્થિતિ ન સર્જાય. એક તરફ હીટવેવથી હીટસ્ટ્રોકના કેસો વધી રહ્યા છે, તો બીજી તરફ વરસાદી રોગચાળો દસ્તક દેશે. હોસ્પિટલોમાં બેવડી સજ્જતા અનિવાર્ય છે.

વહેલું ચોમાસું એ પ્રકૃતિનો સંકેત છે કે તેણે તેનું ટાઈમ-ટેબલ બદલ્યું છે. યુપીમાં થયેલી 111 જાનહાનિ એ પાઠ છે કે આપણે કુદરતને હળવાશથી ન લેવી જોઈએ. વિકાસની દોડમાં પર્યાવરણના ભોગે કરેલું કોઈપણ કામ અંતે માનવજાત માટે વિનાશક સાબિત થાય છે. વહેલા વરસાદથી ધરતી તૃપ્ત થશે અને ખેડૂતોને રાહત મળશે, પણ આ રાહત લાંબી ટકાવવા માટે આપણે પૃથ્વીના રક્ષણ માટે મક્કમ ડગલાં ભરવા પડશે. ચોમાસું હોય તો જ વિશ્વમાં સજીવો જીવી શકે તેવી સ્થિતિ છે. હાલની ભારે ગરમી અને બાદમાં ચોમાસું વહેલું આવવાની સ્થિતિ ક્લાયમેટ ચેન્જનો જ ભાગ છે. સરકારે એ સમજવું પડશે કે ગરમીમાં ઘટાડો કરી શકાય તેવા પગલાઓ લેવા પડશે. ગરમીનો સામનો કરવા માટે વધી રહેલા એસી ગરમીમાં વધારો જ કરે છે.

વધતી ગરમી અને અચાનક આવતું વાવાઝોડું એ પૃથ્વીના વધતા તાપમાનના પરિણામો છે. ક્લાયમેટ ચેન્જ એ હવે માત્ર વૈજ્ઞાનિકોની ચર્ચાનો વિષય નથી રહ્યો, પણ આપણા રોજિંદા જીવન પર અસર કરતી વાસ્તવિકતા બની ગયો છે. જે રીતે ઉત્તર ભારતમાં વાવાઝોડાને કારણે જાનહાનિ થઈ રહી છે અને સમુદ્ર કિનારે વહેલું ચોમાસું દસ્તક દઈ રહ્યું છે, તે સ્પષ્ટ કરે છે કે પૃથ્વીનું કુદરતી સંતુલન જોખમાયું છે. ગ્લોબલ વોર્મિંગને કારણે ગ્લેશિયર્સ ઓગળી રહ્યા છે અને સમુદ્રની સપાટી વધી રહી છે, જેનાથી ભવિષ્યમાં દરિયાકાંઠાના શહેરો ડૂબી જવાનો ખતરો છે.

વૈજ્ઞાનિક દ્રષ્ટિએ જોઈએ તો, સમુદ્રની સપાટીના વધતા તાપમાનને કારણે ચોમાસું વહેલું સક્રિય થાય છે, પરંતુ તેની સાથે ચક્રવાત અને વાવાઝોડાની તીવ્રતા પણ વધે છે. સરકાર સમજશે નહીં તો આગામી દિવસોમાં ગરમીનો પારો વધુને વધુ ઉંચે જતો રહેશે. જે ભવિષ્યમાં માનવજીવ માટે સહન કરવો પણ અઘરો રહેશે તે નક્કી છે.

# ટેકનોલોજીનો અતિરેક અને ઘટતી જતી યાદશક્તિ

આજના ડિજિટલ યુગમાં આપણે સવારે ઉઠીએ ત્યારથી રાત્રે સૂઈએ ત્યાં સુધી ટેકનોલોજીથી ઘેરાયેલા હોઈએ છીએ. સ્માર્ટફોન, ઈન્ટરનેટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે આપણું જીવન અત્યંત સરળ બનાવી દીધું છે, પરંતુ આ સરળતા પાછળ એક મોટી કિંમત આપણે ચૂકવી રહ્યા છીએ: આપણી યાદશક્તિ.

વૈજ્ઞાનિકો આ સ્થિતિને ડિજિટલ એમ્નેશિયા (Digital Amnesia) તરીકે ઓળખાવે છે. જેનો અર્થ છે કે આપણે જે માહિતીને ડિજિટલ ઉપકરણોમાં સેવ કરી શકીએ છીએ, તેને મગજમાં યાદ રાખવાની તસ્દી લેતા નથી.

ટેકનોલોજીના આક્રમણ પહેલાના સમયમાં માનવીની યાદશક્તિ અદ્ભૂત હતી. તે સમયે લોકોની નિર્ભરતા સાધનો પર નહીં પણ પોતાના મગજ પર હતી. અગાઉના સમયમાં લોકોને પોતાના સગા-સંબંધીઓ અને મિત્રોના દસેક જેટલા ફોન નંબર મોઢે યાદ રહેતા. આજે આપણને આપણા ઘરના સભ્યોના નંબર પણ સ્માર્ટફોન વગર યાદ નથી હોતા. કરિયાણાની દુકાને જતી વખતે કે ઘરનો હિસાબ કરતી વખતે લોકો મૌખિક ગણતરી કરતા. આજે ૧૫ વત્તા ૨૫ કરવા માટે પણ આપણે કેલ્ક્યુલેટર શોધીએ છીએ.

પહેલાના સમયમાં લોકો એકવાર રસ્તો જોયા પછી તેને વર્ષો સુધી યાદ રાખતા. લેન્ડમાર્ક યાદ રાખવાની ક્ષમતા તીવ્ર હતી. આજે Google Maps વગર આપણે બાજુની સોસાયટીમાં જવામાં પણ ખચકાઈએ છીએ. ભજન, દુહા, શ્લોકો અને લોકવાર્તાઓ પેઢી દર પેઢી મૌખિક રીતે જળવાઈ રહેતી હતી. લોકો આખેઆખા પુસ્તકો કંઠસ્થ કરી લેતા. પણ આજે એક પંક્તિ કે એક વાક્ય યાદ રહેતું નથી.

માનવીનું મગજ એક સ્નાયુ જેવું છે; તેનો જેટલો ઉપયોગ થાય તેટલું તે વધુ તેજ બને છે. ટેકનોલોજીએ મગજની આ 'કસરત' બંધ કરી દીધી છે. આપણે આપણી યાદશક્તિને સ્માર્ટફોનમાં 'આઉટસોર્સ' કરી દીધી છે. જન્મતારીખ હોય, મીટિંગનો સમય હોય કે ખરીદવાની વસ્તુઓની યાદી બધું જ મોબાઈલમાં સેવ થાય છે. પરિણામે, મગજ તે માહિતીને સંગ્રહિત કરવાનું જરૂરી સમજતું નથી. ઈન્ટરનેટ પર દર સેકન્ડે હજારો માહિતી આપણી સામે આવે છે. આટલા મોટા ડેટાને મગજ પ્રોસેસ કરી શકતું નથી, જેને કારણે આપણે 'શોર્ટ ટર્મ મેમરી'માં જ અટવાયેલા રહીએ છીએ અને માહિતી 'લોન્ગ ટર્મ મેમરી'માં જતી નથી.

સોશિયલ મીડિયાના રીલ્સ અને શોર્ટ વીડિયોએ આપણી એકાગ્રતા ઘટાડી દીધી છે. જ્યારે આપણે કોઈ વસ્તુ પર પૂરતું ધ્યાન નથી આપતા, ત્યારે તેને યાદ રાખવી અશક્ય બની જાય છે.

એક અભ્યાસ મુજબ, જો આપણને ખબર હોય કે માહિતી ઈન્ટરનેટ પર સરળતાથી મળી જશે, તો આપણું મગજ તે માહિતીને યાદ રાખવાને બદલે 'તે ક્યાં મળશે' તે રસ્તો યાદ રાખે છે.

આજે આપણી પાસે દુનિયાભરનું જ્ઞાન આપણી આંગળીના ટેરવે છે,

**માનવીનું મગજ એક સ્નાયુ જેવું છે; તેનો જેટલો ઉપયોગ થાય તેટલું તે વધુ તેજ બને છે. ટેકનોલોજીએ મગજની આ 'કસરત' બંધ કરી દીધી છે**

છતાં આપણે પહેલા કરતા વધુ અજ્ઞાત અનુભવીએ છીએ. આપણે પુસ્તકો વાંચવાને બદલે પીડીએફ સેવ કરીએ છીએ જે ક્યારેય વંચાતી નથી. આપણે પ્રવાસના ફોટા પાડવામાં એટલા વ્યસ્ત હોઈએ છીએ કે તે ક્ષણને આંખો અને મનથી માણવાનું ભૂલી જઈએ છીએ.

ટેકનોલોજી આપણને સ્માર્ટ બનાવી રહી છે, પણ તે આપણી માનસિક ક્ષમતાઓને પાંગળી પણ કરી રહી છે. જો આપણે ઈચ્છીએ તો આધુનિક સમયમાં પણ આપણી યાદશક્તિને તેજ રાખી શકીએ છીએ, દિવસમાં થોડો સમય ફોન અને ઈન્ટરનેટથી દૂર રહો. રવિવારે સોશિયલ મીડિયાનો ઉપયોગ ટાળો. કોયડા ઉકેલવા, ચેસ રમવી, અને કેલ્ક્યુલેટર વગર નાના હિસાબ કરવા જેવી ટેવો પાડો. વાંચન અને લેખનઃ મોબાઈલમાં ટાઈપ કરવાને બદલે ડાયરીમાં લખવાની આદત કેળવો. પુસ્તકો વાંચો. એકાગ્રતા વધારવા માટે ધ્યાન ખૂબ જ જરૂરી છે. તે મગજને શાંત કરે છે અને માહિતી સંગ્રહવાની ક્ષમતા વધારે છે. યાદશક્તિને મજબૂત કરવા માટે ૭ થી ૮ કલાકની ઊંઘ અનિવાર્ય છે, કારણ કે મગજ ઊંઘ દરમિયાન જ માહિતીને વ્યવસ્થિત રીતે ગોઠવે છે.

ટેકનોલોજી એક શ્રાપ નથી, પણ એક સાધન છે. સમસ્યા ત્યારે સર્જાય છે જ્યારે સાધન માલિક બની જાય છે. આપણી યાદશક્તિ એ માનવ ઉત્ક્રાંતિની અમૂલ્ય ભેટ છે. આપણે ટેકનોલોજીનો ઉપયોગ ડેટા સ્ટોર કરવા માટે જરૂર કરીએ, પરંતુ મગજને 'ડસ્ટબિન' બનતું અટકાવીએ અને તેને સતત કાર્યરત રાખીએ. યાદ રાખો, મશીન ગમે તેટલું પાવરફુલ હોય, પણ તે માનવ મગજની સર્જનાત્મકતા અને સ્મૃતિની જગ્યા ક્યારેય લઈ શકશે નહીં. આપણે જો ફરીથી 'યાદશક્તિના ધણી' બનવું હોય, તો સ્માર્ટફોન કરતા આપણી બુદ્ધિ અને સ્મૃતિ પર વધુ ભરોસો મૂકવાનું શરૂ કરવું પડશે.

## ફરી ઊઠો



અજય એક નાના ગામનો છોકરો હતો. તેને ક્રિકેટ રમવું બહુ ગમે અને માત્ર રમવા માટે નહિ તેનું સપનું હતું તે મોટો થઈ ક્રિકેટનો ખેલાડી બને અને દેશ માટે રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવી દેશનું નામ રોશન કરે અને આ સપનાને પૂરું કરવા તે સતત મહેનત કરતો. આઠ વર્ષનો હતો ત્યારથી તેના ગામની શાળાના પી.ટી. સર તેને ખાસ ક્રિકેટ માટે પ્રોત્સાહન અને માર્ગદર્શન આપતા. તે રોજ સવારે ૫ વાગ્યે ઊઠી પ્રેક્ટિસ કરતો. ગરમી હોય, વરસાદ હોય – ક્યારેય ચૂકતો નહીં.

અજયની સારી રમત અને ઓલ રાઉન્ડ પ્રદર્શનને કારણે તેની ૧૪ વર્ષે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પસંદગી થઈ. મેચ રમવા તે શહેરમાં પહેલી જ વાર ગયો પણ પ્રથમ મેચમાં શૂન્ય રન પર પહેલા જ બોલ પર આઉટ. ટીમના સાથીઓ નારાજ, કોચ નિરાશ થયા. અમુક લોકોએ કહ્યું, આ ગામડિયો શું રમશે? અજય પણ બહુ નિરાશ અને હતાશ થયો. ડ્રેસિંગ રૂમના એક ખૂણામાં ચુપચાપ દીવાલને જોતો બેસી રહ્યો. ત્યાં તેના ગામડાની શાળાના પી.ટી. સરનો ફોન આવ્યો.

સરે કહ્યું, ''અજય, શું કરે છે?નિરાશ છે?'' અજય કંઈ ન બોલ્યો.સર આગળ બોલ્યા, ''સાંભળ મારી વાત. સર ડોન બ્રેડમેન જ્યારે પ્રથમ વખત રમ્યા, ત્યારે ૧ રન પર આઉટ થયા. પછી શું થયું – તે ઇતિહાસ જાણે છે. એક મેચ, એક ઇનિંગ – એ ક્રિકેટ નથી. ક્રિકેટ એ ૨૨ ગજની પીચ પર દર ઇનિંગમાં નવો આકાર લેતું અતૂટ સ્વપ્ન છે! નિરાશ નહિ થતો આગળની ઇનિંગ પર ધ્યાન આપજે. હતાશાથી હારી જઈશ તો કોઈ નહિ યાદ રાખે પણ નિરાશામાંથી ફરી ઊભો થઈ આગળ વધીશ તો કૈંક કરી શકીશ.''

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

અજયે ફોન મૂક્યો.સરના સકારાત્મક શબ્દોએ અજયમાં નવી ચેતના ફૂંકી. નિરાશા ખંખેરી અજય ઊઠ્યો, બેટ હાથમાં લીધું અને નેટ્સમાં કલાકો સુધી પ્રેક્ટીસ કરતો રહ્યો.

બીજી મેચ – ૮૭ રન... ૨ વિકેટ, ૧ કેચ

ત્રીજી – ૧૧૨ રન... ૩ વિકેટ

ટૂર્નામેન્ટનો સ્કોર કુલ સ્કોર ૨૩૫ રન અને ૭ વિકેટ – અજય 'પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ.' બન્યો. બધે તેની વાહ વાહ થવા લાગી, જે લોકો મજાક ઉડાડતા હતા તેઓ પણ તેના વખાણ કરવા લાગ્યાં.

અજય ઇનામ સ્વીકારતી વખતે બોલ્યો – ''જ્યારે શૂન્ય રન થયા, ત્યારે હું ક્ષણ માટે ડઘાઈ ગયો.પણ એ ક્ષણે મને મારા સરના શબ્દોએ મને ફરી ઊઠવાની ઊર્જા આપી. એક હારથી હતાશ થઈ બેસી જનાર ખેલાડી નહિ પણ હતાશા ખંખેરી ફરી ઊઠનાર ખેલાડી ઇતિહાસ બનાવે.''

ક્રિકેટ હોય કે જિંદગી એક નિષ્ફળતા આખી જિંદગી નક્કી નથી કરતી. ફરી ઊઠો, ફરી રમો – જીત તમારી જ છે.

# મમતા બેનરજીનો ભવિષ્યનો વ્યૂહ શું હશે?

એક સમયે બંગાળમાં ડાબેરીઓનો સુરજ મધ્યાહ્ને તપતો હતો. એનો અસ્ત કરી મમતા બેનરજીએ ઈતિહાસ રચી દીધો અને હવે એમની ત્રણ ટર્મ બાદ ભાજપે એમને હરાવી ઈતિહાસ રચી દીધો છે. મમતાના જ એક વેળાના સાથી સુવેંદુ અધિકારી મુખ્યમંત્રી બન્યા છે પણ સવાલ એ છે કે, હારી ગયેલાં મમતા હવે શું કરશે?

તેમણે રાજીનામું આપવાની ના પાડી એ તેમની રાજકીય ભૂલ ગણાય છે પણ મમતા મમત છોડે એવાં નેતા નથી. એ માયાવતી નથી કે, એના સાવ વળતાં પાણી થઈ જાય. એ લડાયક નેતા છે. અત્યારે તો એમના માટે વિષમ સ્થિતિ પેદા થઈ છે. એમના રાજમાં ઘણું બધું થયું અને એનો જનતાએ જવાબ આપ્યો છે.

અલબત્ત એસઆઈઆરનો મુદ્દો હજુ સુપ્રીમ કોર્ટમાં છે. એના ચુકાદાની અસર બંગાળ પર કેવી પડશે? એનો જવાબ મળવો બાકી છે. બીજું કે, ટીએમસી સંખ્યાબળ ઓછું છે અને મમતા પોતે હાર્યાં છે એટલે વિધાનસભામાં ભાજપને ટીએમસી ભીડવી શકશે કે કેમ? એ સવાલ છે. ઉપરાંત ભાજપે જબ્બર બહુમતી મેળવી છે અને એ કારણે ટીએમસીમાં ભંગાણ પડશે કે કેમ એ જોવાનું છે અને સૌથી મોટો પડકાર મમતા સામે પક્ષને ટકાવી રાખવાનો છે.

જો કે, મમતા બેનરજીએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેઓ હવે વિરોધપક્ષના નેતા તરીકે રસ્તા પર ઊતરીને લડત આપશે. જે રીતે તેમણે ૨૦૧૧ પહેલાં ડાબેરી શાસન વિરુદ્ધ આંદોલનો કર્યાં હતાં તેવી જ રીતે હવે તેઓ ભાજપ સરકારની નીતિઓ સામે આક્રમક વલણ અપનાવશે. તેમણે પોતાને 'ફ્રી બર્ડ' (મુક્ત પક્ષી) ગણાવીને સંઘર્ષ ચાલુ રાખવાની જાહેરાત કરી છે. ચૂંટણીમાં હાર માટે મમતા બેનરજીએ ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકાર પર 'વોટની લૂંટ' અને 'ષડયંત્ર'ના આક્ષેપો કર્યા છે. તેમણે પોતાનાં ધારાસભ્યોને સૂચના આપી છે કે પક્ષની લીગલ ટીમને મજબૂત બનાવવી પડશે, કારણ કે આગામી સમયમાં કેન્દ્રીય એજન્સીઓ દ્વારા તપાસનો સામનો વધુ તેજ બની શકે છે.

ચૂંટણી બાદ TMCમાં આંતરિક વિખવાદ સામે આવ્યો છે. અભિષેક બેનરજી દ્વારા લાવવામાં આવેલા નવા ફેરફારો અને આઈપેકની ભૂમિકા સામે પક્ષના જૂના નેતાઓએ સવાલો ઉઠાવ્યા છે. મમતા બેનર્જી માટે હવે પક્ષને વિખરાતો અટકાવવો અને મમતા વિરુદ્ધ અભિષેક જૂથની ખેંચતાણને શાંત કરવી એ સૌથી મોટો પડકાર રહેશે. બંગાળમાં સત્તા ગુમાવ્યા બાદ મમતા બેનરજી રાષ્ટ્રીય સ્તરે વિપક્ષી એકતામાં વધુ સક્રિય ભૂમિકા ભજવી શકે છે. બંગાળમાં હાર છતાં લોકસભા

**રાજ્યોની વણઝાર**

**કૌશિક મહેતા**

**મમતા બેનર્જી માટે હવે પક્ષને વિખરાતો અટકાવવો અને મમતા વિરુદ્ધ અભિષેક જૂથની ખેંચતાણને શાંત કરવી એ સૌથી મોટો પડકાર રહેશે**

અને રાજ્યસભામાં ટીએમસી પાસે નોંધપાત્ર સંખ્યામાં સાંસદો છે, જેના આધારે તેઓ દિલ્હીના રાજકારણમાં પોતાની પકડ જાળવી રાખવાનો પ્રયાસ કરશે.

હવે તેમનું લક્ષ્ય ૨૦૨૭ની નગરપાલિકા અને ૨૦૨૮ની પંચાયત ચૂંટણીઓ હશે. ભાજપ સરકાર જો વહીવટમાં કોઈ ભૂલ કરે તો તેને મુદ્દો બનાવીને જનતા વચ્ચે જવું એ તેમની વ્યૂહરચનાનો ભાગ હશે. જોઈએ એ કેટલાં સફળ થાય છે.

તામિલનાડુમાં ભાજપ- કોંગ્રેસ માટે કેવી તક છે?

તમિળનાડુમાં ટીવીકે સત્તા પર છે, વિજય મુખ્યમંત્રી બન્યા છે અને એને કોંગ્રેસનો ટેકો તો મળ્યો પણ અન્નાડીએમકેનાં ૨૫ ધારાસભ્યોનો ટેકો મળ્યો એ તામિલનાડુમાં બદલાયેલા રાજકારણના સંકેત આપે છે. અન્નાડીએમકે ફરી એક વેળા ભાંગી જવાની સ્થિતિમાં છે. આ સંજોગોમાં કોંગ્રેસ અને ભાજપ માટે કોઈ તક ખરી?

ભાજપની વાત કરીએ તો તમિળનાડુમાં ભાજપ લાંબા સમયથી અન્નાડીએમકેના જુનિયર પાર્ટનર તરીકે રહી છે. જો અન્નાડીએમકે નબળી પડે અથવા ભાંગે, તો વિરોધ પક્ષ તરીકેની જગ્યા ખાલી પડે છે. એવું થાય તો ભાજપને કોઈ ફાયદો થાય ખરો? ભાજપ માટે આ એક 'ગોલ્ડન ચાન્સ' હોઈ શકે છે. અલબત્ત એની પાસે એક જ સભ્ય છે અને લોકસભા કરતાં આ ચૂંટણીમાં એમનો વોટ-શેર પણ ઘટ્યો છે. હવે જો અન્નાડીએમકે નબળો પડે, તો રાષ્ટ્રીય સ્તરે (લોકસભામાં) ભાજપનો 'બાર્ગેનિંગ પાવર' વધશે. ભાજપ હવે પોતાની શરતોથી તામિલનાડુમાં આગળ વધી શકે ખરો?

ઉપરાંત ભવિષ્યમાં વિજયની સરકારને કેન્દ્રના સહયોગની જરૂર પડે, તો ભાજપ ત્યાં કિંગમેકર અથવા મહત્ત્વના સાથીની ભૂમિકામાં આવી શકે છે. સૂત્રો મુજબ વિજય અને ભાજપ વચ્ચેના સંબંધો 'સોફ્ટ' હોવાની ચર્ચાઓ પણ ચાલી રહી છે, જે ભાજપ માટે ફાયદાકારક સાબિત થઈ શકે. પણ ભાજપ પાસે તમિલનાડુમાં પોતાનું સંગઠન હજી એટલું મજબૂત નથી કે તે એકલે હાથે ચૂંટણી જીતી શકે. અન્નાડીએમકેમાં ભંગાણ ભાજપ માટે જોખમ કરતાં તક વધુ છે. જો ભાજપ આ ખાલી પડેલી જગ્યામાં આક્રમક રીતે આગળ વધે, તો તે દ્રવિડિયન રાજકારણના દાયકાઓ જૂના ગઢમાં ગાબડું પાડી શકે છે. પણ દિલ્હી હજુ દૂર છે!

આ જ રીતે વિધાનસભા ચૂંટણી બાદ સર્જાયેલી આ સ્થિતિમાં કોંગ્રેસ માટેના ફાયદા અને નુકસાન બંને હોઈ શકે છે. ડીએમકે સાથેના ગઠબંધનમાં કોંગ્રેસ લાંબા સમયથી માત્ર એક જુનિયર પાર્ટનર [ભાજપની જેમ જ] તરીકે રહી હતી. ટીવીકેને સમર્થન આપીને કોંગ્રેસ નવી સરકારમાં વધુ પ્રભુત્વ અને મંત્રીપદ મેળવી શકે છે. વિજયની લોકપ્રિયતાના સહારે, તેમની સાથે જોડાવાથી કોંગ્રેસને યુવા મતદારો સુધી પહોંચવામાં મદદ મળી શકે છે અને ટીવીકે સરકાર સફળ રહે, તો કોંગ્રેસ રાજ્યમાં પોતાનું ખોવાયેલું મેદાન પાછું મેળવી શકે છે અને ડીએમકે-એઆઈડીએમકેના દાયકાઓ જૂના વર્ચસ્વ સામે નવો વિકલ્પ બની શકે છે. બીજી બાજુ એ છે કે, ડીએમકે સાથેનો ૨૦ વર્ષ જૂનો સાથ અચાનક છોડવાથી કોંગ્રેસ પર "તકવાદી" હોવાનો આક્ષેપ લાગ્યો છે. ડીએમકે સત્તાવાર રીતે લોકસભામાં કોન્ગ્રેસની બાજુમાં બેસવાની વ્યવસ્થા બદલાવવા સ્પીકરને કહી દીધું છે. સ્ટાલિન જેવા મજબૂત સાથીને ગુમાવવો એ રાષ્ટ્રીય સ્તરે પણ નુકસાનકારક સાબિત થઈ શકે અને ભવિષ્યમાં વિજયની લોકપ્રિયતા ઘટે અથવા તેમની રાજકીય વ્યૂહરચના નિષ્ફળ જાય, તો કોંગ્રેસ પાસે તમિલનાડુમાં કોઈ મજબૂત આધાર બાકી રહેશે નહીં.

ટૂંકા ગાળે કોંગ્રેસ માટે આજની સ્થિતિ ફાયદાકારક છે કારણ કે તેઓ સત્તાધારી પક્ષનો હિસ્સો બન્યા છે પરંતુ લાંબા ગાળે આ એક મોટું જોખમ છે. જો વિજયની સરકાર અપેક્ષા મુજબ કામ નહીં કરી શકે, તો કોંગ્રેસે ફરી શૂન્યથી શરૂઆત કરવી પડી શકે છે. હવે ૨૦૨૯ની લોકસભામાં કેવાં સમીકરણો રચાય છે એના પર ભાજપ અને કોંગ્રેસનાં જોખમો અને તકનો અંદાજ આવશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## હવે શું રહી ગયું બાકી કહો મંજુર છે

નકલી શબ્દ કોઈપણ શબ્દની પાછળ લગાડો જવાબ સાચો જ પડશે. ચોરી લૂંટ આપઘાત તો સામાન્ય થઈ ગયા છે. પરંતુ હવે નાની બાળકીઓ કે જે ઝૂંપડામાં સુતેલી માતા પાસેથી ઉંચકી પીંખી નાંખી અને મારી નાખવી, દુકાને પોતાને ખાવાની ચીજ લેવા જતી નાની બાળકી સાથે છેડતી કરવી. શાળાએ જતી છોકરીનો દુપટ્ટો ખેંચવો, અશ્લીલ હરકતો કરવી છેડતી કરવી જેવી બાબતો અસહય બની ગઈ છે. આજે પણ દ્રૌપદીના વસ્ત્રો ખેંચાય છે અને પાંડવોના મોઢે તાળા છે. જેના ઘરમાં આવું બને એના પર દુઃખનો પહાડ તૂટી પડતો હોય છે. પરંતુ એનો અહેસાસ કરનાર કોણ છે?

**સુરત - બળવંત ટેલર**

## મોંઘું સોનું અને બદલાતી જીવનશૈલી

હાલ સોનાના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચ્યાં છે. આપણે ત્યાં તમામ વર્ગના કુટુંબોમાં લગ્ન પ્રસંગે વહુને તેમજ દીકરીને સોનાના દાગીના આપવાનો રિવાજ છે, ખાસ કરીને ગરીબ મધ્યમ વર્ગના લોકો માટે હાલ સોનું મોંઘું થતા સોનુ ખરીદશક્તિથી બહાર થયું છે, જો સોનું ના ખરીદી શકાય તો વહુને આપવા માટે સાસુએ પોતાને મળેલું સોનું દીકરાને આપીને તેમજ પિયરથી મળેલું સોનું દીકરીને આપીને પ્રસંગ પાર પાડી શકાય તેમ છે, પછી સગવડ થતા ફરી પાછું ખરીદી લેવું વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ પ્રજાને અપીલ કરી છે કે હાલ સોનું ખરીદવાનું બંધ કરવું જોઈએ અને લોકડાઉનમાં જીવતા હતા તેવી જીવનશૈલી અપનાવી જોઈએ જેથી કરીને આયાત બંધ થશે અને તેને કારણે હુંડિયામણ બચશે તો રૂપિયો પણ ફરી મજબૂત થશે, વધતી મોંઘવારી અટકાવવા શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ આવા સૂચનો તો કર્યા છે. પરંતુ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો પોતે પોતાના ખર્ચા પર કેટલો કાબુ રાખી શકે છે તે જોવાનું રહ્યું આપણે ત્યાં રેલીઓમાં અધધ ખર્ચો થતો હોય છે અને રેલી માટે ભેગા થતા માનવોના કામકાજના અગણીત કલાકો બગડતા હોય છે આ બધું પણ બંધ થવું જોઈએ.

**સુરત - વિજય તુઈવાલા**

## કોઈ પણ સેવા ક્ષેત્રે વ્યક્તિ સારો ક્યારે કહેવાય?

સરકારી તેમજ અર્ધસરકારી તમામ સેવાના ક્ષેત્રો છે. કેટલાક ખાનગી અને સહકારી સંગઠનો પણ સેવાના ક્ષેત્રો છે. આવા ક્ષેત્રોમાં કામ કરતા લોકોમાં કેટલાક લોકો ફક્ત નોકરી જ કરતા હોય છે. મતલબ કે સમય પહેલાં કે સમય પછી એક મિનિટ પણ વધારે કામ કરવાનું આવે તો તેઓ ઘસીને ના પાડી દેશે. આવા લોકો પોતાના અંગત કામો પણ ઓફિસના સમય દરમિયાન જ કરતા હોય છે. તેઓને ફક્ત પગાર સાથે જ મતલબ હોય છે. તેઓ એ વાત ભૂલી જાય છે કે આપણી સમક્ષ કોઈ કામ માટે આવેલ વ્યકિત કેટલી આશા સાથે પોતાનો સમય કાઢીને આવ્યો હોય છે. તેની સાથે ખરાબ વર્તન ન કરતાં સમય સાથે થોડી બાંધછોડ કરી તેનું કામ કરીએ તે સેવા કહેવાય. કેટલીક જગ્યાએ કર્મચારીઓ કામ ન કરવાના બહાના કાઢતા હોય છે અને કામ માટે આવેલા લોકોને અપમાનિત કરતા હોય છે. કેટલીક વાર એક જ ફેરામાં કામ થઇ જાય તેમ હોય તો પણ બરાબર સમજ પાડે નહીં અને નકામા ધક્કા ખવડાવતા હોય છે. આને સેવા કહેવાય ખરી? આપણે કેટલીક વાર કહીએ કે અમુક ડૉકટર સારા છે. સારા એટલે દર્દીના હીતમાં કામ કરનાર. વકીલ સારા એટલે અસીલની ક્ષમતા પ્રમાણે કામ કરનાર. સારા શિક્ષક એટલે વિદ્યાર્થીની માનસિકતાને અનુરૂપ કામ લેનાર. આ બધી સેવાઓ છે.

**સુરત - પ્રવિણ પરમાર**

## સરકાર દ્વારા કરકસરનો પરિપત્ર

વડાપ્રધાન એ એક વર્ષ સુધી સોનું ન ખરીદવાનો અને પેટ્રોલ, ડીઝલની બચત કરવાં લોકોને જણાવ્યું એ સારી બાબત છે. પરંતુ આ પ્રકારની પરિસ્થિતિમાં દેશના તમામ રાજ્યો તરફથી પરિપત્ર બહાર પાડી એક વર્ષ સુધી સરકારના તમામ કાર્યક્રમો રદ કરવાં જોઈએ. ખાસ સંજોગોમાં જ સ્થાનિક પ્રવાસ, વિદેશ પ્રવાસ કરવો જોઈએ. સરકારના મંત્રીઓ, અધિકારીઓ, કર્મચારીઓ એક જ વાહનમાં કચેરીએ આવે અને સાથે જાય. લોકો પણ મહત્તમ જાહેર પરિવહનનો જ ઉપયોગ કરવો જોઈએ. તમામ એ બિનજરૂરી પ્રવાસો ટાળવા જોઈએ. આવા બીજા અનેક પ્રકારના પગલાં લેવામાં આવશે તો જરૂર પેટ્રોલ ડીઝલની બચત થશે. સરકારના અધિકારીઓ, કર્મચારીઓ માટે જુદા જુદા વિસ્તારોમાંથી બસો દોડાવવી જોઈએ સરકારી કામ માટે કચેરીમાં લોકોએ વારંવાર આવવું ન પડે તેવું આયોજન ગોઠવવું જોઈએ. સોનું ન ખરીદવાનું જરા વિચાર માંગી લે તેવું છે.

**સુરત - ચંદ્રકાંત રાણા**

## નીટ પરીક્ષા રદ્દ

જે પરીક્ષાની તૈયારી લાખો વિદ્યાર્થીઓ એક નહીં સતત બે બે વર્ષથી કરતા હોય, વાલીઓ અને શાળા તેમજ અન્ય સંસ્થાઓના શિક્ષકો માટે પણ આ પરીક્ષા જીવનના એક મહત્ત્વપૂર્ણ લક્ષ્ય સમાન હોય છે. પરીક્ષા સેન્ટર પર વિદ્યાર્થીઓની તપાસ જાણે દેશની સુરક્ષા માટેની તપાસ હોય એટલી વધુ આકરી રીતે થતી હોય છે. આવામાં કોઈ એક સ્થાને પેપર લીક થવાથી સમગ્ર પરીક્ષા જ રદ કરવી આ ક્યાંનો ન્યાય છે? આ તો પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ છે. જે સેન્ટર પર ચોરી સામે આવી હોય તે સેન્ટરની પરીક્ષા રદ્દ કરી શકાય પરંતુ જે વિદ્યાર્થીએ રાત દિવસ મહેનતથી આ પરીક્ષા આપી,આ વર્ષે એના માર્ક્સ વધુ આવાની શક્યતા હતી હવે પછી એ વિદ્યાર્થીઓ એટલો સ્કોર ન કરી શકે તો એની પાછળ જવાબદાર કોણ? જો નેતાઓની ચૂંટણીમાં એક જગ્યાએ વોટિંગમાં ગડબડ થાય તો શું આખી ચૂંટણી રદ્દ કરવામાં આવે છે? પણ આ સરકાર અને શિક્ષણને આંધળા આગળ બેહરો કુંટાય એવું છે. આ બીજી વાર છે જ્યારે નીટ પરીક્ષામાં ધાંધલી થઈ હોય. પ્રથમ વખતની જે ઘટના બની એમાં કોણ મુખ્ય આરોપી હતો? એના પર શું કાર્યવાહી થઈ? દેશને એના વિશે શું માહિતી છે. વિદ્યાર્થીઓ જાગો તો સારું બાકી પરીક્ષા પેપર લીક પણ ગુજરાત મોડલની એક અગત્યની ખૂબી છે.

**સુરત - કિશોર પટેલ**

## એક હતો હોપપુલ

તાપી નદીના ઉબડખાબડ કાંઠાઓને જોડતા આ એક માત્ર પુલનું અસલી રૂપ મારી આંખોમાં આજે પણ ટક્યું છે. એક તરફ વિકાસ પામી રહેલું સુરત શહેર અને બીજી તરફ પાલ , અડાજણ અને રાંદેર જેવા નાના નાના રળિયામણા ગામો. 26 જાન્યુઆરી અને 15 મી ઓગસ્ટ આવે એટલે મને આ પુલ યાદ આવ્યા વિના રહે નહીં. વર્ષમાં બે વાર આ હોપ પુલ પર ચૂનો છંટાતો ત્યારે એ બગલાની પાંખનું રૂપ ધારણ કરતો અને આ બે દિવસો એ અમને જીવન ભારતી શાળામાં જે પતાસા મળતા. અદલ એ પતાસા જેવો જ એ હોપ પુલ ધોળો ધોળો લાગતો. પુલની બંને તરફ થોડા થોડા અંતરે પથ્થરના બાંકડા હતા. પુલ એન્ડ્રુસ લાઈબ્રેરી તરફના છેડે કેળાની અને સોડાની લારીઓ ઊભી રહેતી. ચોક બજારના છેડે મઢેલી હોપપુલની આરસની તકતી મારા મગજમાં આજે પણ કંડારાયેલી છે. 60-70 ના દાયકા સુધી બંને કાંઠા વચ્ચે અવર-જવરનું મધ્યમ આ હોપપુલ જ હતો. મારા શૈશવ કાળમાં એક સમયે જે હોપપુલ પરથી ખોબે ખોબા શુદ્ધ ઓક્સિજન મળતો હતો તે હોપપુલ તો સમયના વહેણમાં ક્યાં ગાયબ થઈ ગયો?

**સુરત - ડૉ. પલ્લવી નીતિન વ્યાસ**

## બેન્કોમાં પણ ન્યુનતમ પગારધોરણ હોવું જોઈએ

આજે સુરતની અનેક બેન્કોમાં સંનિષ્ઠાથી કાર્ય કરતાં કર્મચારીઓનું પગાર ધોરણ જાણીને આશ્ચર્ય થાય છે. આ અંગે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા એક નિયમ એવો પણ હોવો જોઈએ કે કોઈ પણ બેન્કોમાં કાર્ય કરતાં કર્મચારીઓને મોંઘવારીને ધ્યાનમાં રાખી ન્યાયલક્ષી પગારધોરણ રાખવું જરૂરી છે. સાથે ડી.એ. પણ આપવું જોઈએ જે નામી બેન્કોમાં કાર્ય કરતાં કર્મચારીઓને પોતાના પગાર અને ન્યાય મળે. આ અંગે રીઝર્વ બેંક કર્મચારીના હિતમાં ગંભીરતાથી વિચારીને યોગ્ય સુધારા કરશે એવી આશા નાની બેન્કનાં કર્મચારીઓ અવશ્ય જ રાખશે.

**સુરત - રાજુ રાવલ**